


Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 26,(SURAT), DATE-17/12/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૨૬, (સુરત), તા.૧૭/૧૨/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 કીમ બજારમાંથી દબાણ હટાવાયું: લાંબા સમયથી ટ્રાફિક સર્જતા લારી-ગલ્લા દૂર કરાયા

3 તાપી જિલ્લા ના સોનગઢના અગ્રવાલ સમાજની મહિલાઓ દ્વારા સનાતન પાઠશાળાનો સફળ આરંભ

4 બારડોલીમાં ૧૪ મી સરદાર સંગોષ્ઠિ યોજાઈ; મોરારિબાપુએ ધર્માંતરણ મુદ્દે મહત્વનું નિવેદન આપ્યું


## દ ગુજરાત રાજપૂત સમાજમાં પરિવર્તનો નવો સૂર્ય ઉદય થયો : માંડવી વાલિયા રાજપુત સમાજનું પ્રેરણાદાયી અનોખું વિશિષ્ટ લગ્ન કરાવીને સમાજને ઉદાહરણ પૂરું પાડતો કિસ્સો

### માંડવી વાલીયા ગામના યુગલની અનોખી પ્રેરણારૂપ પહેલ , વૈયદાગીરી સગાઈ નો પ્રસંગ સીધો લગ્ન મા ફેરવાયો..





**માંડવી-** હાલમા ડિજિટલ ખર્ચાળ યુગ ચાલી રહ્યો છે ત્યારે માંડવી તાલુકાના તરસાડા ગામના વિપીનસિહ. એન. મહિડાના પુત્ર ચિંતનસિંહ અને વાલીયા તાલુકામાં સોડ ગામના નરેન્દ્રસિંહ ની સુપુત્રી સ્નેહાબા ના લગ્ન પહેલા યોજાયેલ વૈયદાગીરી રસમ ( દહેજ) ના પ્રારંભિક કાર્યક્રમમાં પરિવાર ના સભ્યો અને વર વધુએ ઐતિહાસિક નિર્ણય લીધો છે

આ લગ્ન માત્ર બે વ્યક્તિનું મિલન નહી પણ સમાજના રૂઢિ ચુસ્ત ખોખલા રીત રિવાજોને માંથી મુક્ત થઈ જુના ખર્ચાળ રિવાજોને તીતાંજલી આપી નવા યુગનું નિર્માણ કરી સામાજિક જવાબદારીથી ભાવના નુંપ્રતીક બન્યા છે યુવાપેઢી ના ચિંતનસિંહ અને સ્નેહાબાએ સમાજના સામાજિક અગ્રણીઓ દ્વારા વૈદાગીરીને લગ્નમાં ફેરવી સાદાઈથી લગ્ન કરવા માટે નવદંપતિને સમજાવ્યા હતા પોતાની વ્યક્તિગત ઈચ્છા મહત્વકાંક્ષાઓ સાઇટે મૂકી ને પરંપરા સતુલનનુ ઉત્તમ ઉદાહરણ પુરુ પાડીને સમાજ ના વિવિધ અગ્રણીઓનું માન જાળવ્યું હતું.

સોડગામના યુવાનો પણ તાત્કાલિક લગ્નની તમામ વ્યવસ્થા સંભાળીને સંગઠન શક્તિ અને સામાજિક સક્રિયતા એકતાનો પરિચય કરાવ્યો આ યુવાનોએ સાબિત કર્યું કે લગ્ન પ્રસંગ ની ભવ્યતા પૈસાથી નહીં સહકાર અને સંઘભાવના એકતા સમરસતાથી પણ જાળવી શકાય છે. આ લગ્ન પ્રસંગે રૂઢિચુસ્ત રાજપૂત સમાજ ને સ્પષ્ટ સંદેશ આપ્યો છે સામાજિક સુધારો બહારથી નહિ પણ પોતાના ઘરમાં બનતા પ્રસંગો સાદાઈ ઉજવણી કરીને આર્થિક રીતે અને સામાજિક રીતે શૈક્ષણિક રીતે સક્ષમ થવા સામાજિક બદલાવ લાવવા પ્રેરણાદાઈ ઉદાહરણ આપ્યું છે

આ વિશિષ્ટ લગ્ન પ્રસંગ સદાયથી થવા જઈ રહ્યું છે જેના સમાચાર દક્ષિણ ગુજરાતના તમામ વિભાગના રાજપૂત સમાજ ના અગ્રાણીઓને મળતા સર્વ વિવિધ સંગઠન સંસ્થાના પ્રમુખો સોડગામ શુભેચ્છા આશીર્વાદ આપવા તત્કાલ પધાર્યા હતા

જેમાં પ્રદ્યુમનસિંહ ગોહિલ . પ્રમુખશ્રી દક્ષિણ ગુજરાત રાજપૂત સમાજ. ધીરજસિંહ ઠાકોર. પૂર્વ પ્રમુખ બારડોલી વિભાગ રાજપૂત સમાજ. વિજયસિહ ખરચીયા. પ્રમુખશ્રી ગીરાસ રાજપૂત સમાજ અંકલેશ્વર. ડો. રાજેન્દ્રસિંહ અલુજા પ્રમુખશ્રી કોસંબા વિભાગ રાજપૂત સમાજ. રાજેન્દ્રસિંહ ચૌહાણ પ્રમુખશ્રી કામરેજ વિભાગ રાજપૂત સમાજ. સુરેન્દ્રસિહ કપલેટીયા પ્રમુખશ્રી રાજપૂત સમાજ વાલીયા. સેજલસિંહ વાંસિયા મહામંત્રી ગીરાસ રાજપૂત સમાજ. મેહુલસિંહ દેસાઈ. પ્રમુખ શ્રી રાજપુત કરણી સેના : દક્ષિણ ગુજરાત. ચેતનસિંહ મોરી. કામરેજ તાલુકા રાજપૂત સમાજ દિલીપસિંહ મહિડા માંડવી તાલુકા ખેડૂત સમાજ પ્રમુખશ્રી. બળવંતસિંહ સોડગામ. જીતેન્દ્રસિંહ વાસિયા ડિરેક્ટર શ્રી સુમુલ ડેરી. ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેક. નરેન્દ્રસિંહ મહિડા. માજી ડિરેક્ટર શ્રી કામરેજ. હાજર રહીને શુભેચ્છા આશીર્વાદ આપ્યા હતા તેમજ દિલીપસિંહ રાઠોડ પૂર્વ પ્રમુખ સુરત જિલ્લા ભાજપા કુંવરજીભાઈ હળપતિ (માડવી) પૂર્વ મંત્રી ગુજરાત સરકાર નરપતસિંહ મહિડાએ ટેલીફોનિક શુભેચ્છા આશીર્વાદ પાઠવ્યા હતા.

## માંડવી તાલુકાના ગામતળાવ બુજરંગ ગામે દીપડાનો આતંક, ગાય પર હુમલો કરી મોત નિપજાવ્યું



**માંડવી-** માંડવી તાલુકાના ગામતળાવ બુજરંગ ગામમાં દીપડાના આતંકથી પશુપાલકોમાં ભયનો માહોલ સર્જાયો છે. સોમવારની રાત્રે કુણાલ કુમાર પટેલના ઘરના વાડામાં બાંધેલ ગાય પર દીપડાએ હુમલો કરી મારણ કરતા ગામજનો મા ભયનો માહોલ સર્જાયો છે.

મળતી માહિતી મુજબ સોમવારના રોજ રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યાના અરસામાં ગામતળાવ બુજરંગ ખાતે પશુપાલક કુણાલભાઈ રમેશભાઈ પટેલના ઘરના વાડામાં બાંધેલી ગાય પર દીપડાએ અચાનક હુમલો કર્યો હતો. આ હુમલામાં ગાયનું સ્થળ પર જ મોત નિપજયું હતું.પશુપાલક કુણાલભાઈ પટેલે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારમાં વારંવાર દીપડાઓ દેખાઈ રહ્યા છે. દીપડાઓને પકડવા માટે અગાઉ વન વિભાગ દ્વારા પાંજરાઓ મૂકવામાં આવ્યા હતા, પરંતુ દીપડો પાંજરામાં પુરાયો ન હતો.

આ પરિસ્થિતિ વચ્ચે સોમવારની રાત્રે દીપડાએ ગાય પર હુમલો કરી ગયા નુ મારણ કરે લછે આ ઘટનાથી ગામના પશુપાલકોમાં ચિંતા અને ભય ફેલાયો છે. ગ્રામજનો દ્વારા વન વિભાગને તાત્કાલિક દીપડાને પકડવા અને વિસ્તારમાં સલામતી વધારવા માટે અસરકારક પગલાં લેવા માંગ કરવામાં આવી છે. લોકોનું કહેવું છે કે જો વહેલી તકે યોગ્ય કાર્યવાહી ન થાય તો માનવજીવન પર પણ જોખમ ઊભું થઈ શકે છે.

## ગુજરાતની લોકસંસ્કૃતિનો રાષ્ટ્રીય ગૌરવ ક્ષણ

## ગુજરાતના લોકનૃત્ય અને લોકસંસ્કૃતિની રાષ્ટ્રીય સ્તરે ભવ્ય રજૂઆત પ્રશસ્તિપત્રથી સન્માન

### ઓડિશાના પદમપુર ખાતે યોજાયેલા લોકકલા મહોત્સવ-૨૦૨૫ માં ગુજરાતનું પ્રસિદ્ધ કલા વૃંદ













**પદમપુર-** વિ. કિલ્લોલકુમાર ગ્રુપ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સ એકેડેમી ત્વિષા કિલ્લોલકુમાર વ્યાસ દ્વારા ગુજરાતના પરંપરાગત લોકનૃત્ય તથા વાયોલિન વાદનની અદ્વિતીય કલા પ્રસ્તુત કરવામાં આવી. આ પ્રસ્તુતિ દ્વારા રાષ્ટ્રીય મંચ પર ગુજરાતની સંસ્કારી, સનાતન લોકસંસ્કૃતિ અને લોકકલા ગૌરવપૂર્વક ઉજાગર થઈ.

આ કલાપ્રસ્તુતિમાં ત્વિષા વ્યાસ સાથે મયુરી, નીલમ, રાધા, કેશવી, માહી, ધ્યાની અને અભિલાષાએ લોકપ્રિય લોકનૃત્યો રજૂ કરી દર્શકોની વિશેષ પ્રશંસા મેળવી.

આ સમગ્ર કાર્યક્રમમાં કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર, ગુજરાત સરકાર તથા સુરત જિલ્લાના અધિકારીઓનો પ્રોત્સાહક અને પ્રેરણાદાયી સહકાર પ્રાપ્ત થયો.

લોકકલા ક્ષેત્રે આપેલા મહત્વપૂર્ણ યોગદાન બદલ પદમપુર લોકકલા મહોત્સવના આયોજકો દ્વારા ત્વિષા વ્યાસ તથા સમગ્ર કલા વૃંદને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા.






## રાજપૂત સમાજ દ્વારા સમૂહ લગ્નોત્સવનું આયોજન



**સેલવાસ-**રાજપૂત સમાજ મહારાણા પ્રતાપ સંઘ દ્વારા દાદરા નગર હવેલી અને સમગ્ર દક્ષિણ ગુજરાતના રાજપૂત સમાજના દીકરા-દીકરીઓના સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યુંછે. ફક્ત ક્ષત્રિય રાજપૂત સમાજના દીકરા-દીકરીઓ માટે વૈશાખ વદ આઠમને તા. ૧૦/૦૫/૨૦૨૬ને રવિવારના રોજ લગ્ન સ્થળ મોક્ષમાર્ગી પ્રાર્થના ભવન નરોલી ખાતે આયોજીત કરવામાં આવશે. વર પક્ષની ટોકન ફી પંદર હજાર અને કન્યા પક્ષની ટોકન ફી અગિયાર હજાર રાખવામાં આવી છે. સમૂહ લગ્નમાં જોડાવા માંગતા હોય તેઓએ તા.૧૫ એપ્રિલ ૨૬ ના રોજ સુધીમા નોંધણી કરાવી દેવી અને ફોર્મ સાથે કન્યા, વરના આધાર કાર્ડની ત્રણ ઝેરોક્ષ, શાળા છોડ્યાનું પ્રમાણપત્રની ત્રણ ઝેરોક્ષ, ત્રણ પાસપોર્ટ સાઈઝના ફોટો આપવા પડશે. રાજપૂત સમાજ મહારાણા પ્રતાપ સંઘ દાદરા નગર હવેલી અને ઉમરગામ તાલુકો દ્વારા સમાજના લોકોને આ સમૂહલગ્નમાં જોડાવા માટે જણાવાયું છે.







ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## બારડોલી ના ધૂળિયા રોડ ઉપર મોડી રાતે ભંગાર ના ગોડાઉનો માં ભીષણ આગ ભભૂકી

**(મેજર કોલ જણાતા બારડોલી સહિત ૭ ફાયર સ્ટેશનો ને બોલાવી ૧૦ કલાકે આગ કાબુમા લેવાઈ.... ભારે નુકશાન બાવજુત જાનહાનિ ટળતા રાહત )**



**બારડોલી -** બારડોલી નગરપાલિકા હદ વિસ્તાર ના ધૂળિયા રોડ ઉપર આવેલ વિવિધ ભંગાર ના ગોડાઉનો માં ગત મધરાતે ભીષણ આગ ભભૂકતા ભારે અફરાતફરી મચી હતી.


મોડી રાત્રે ૨ વાગ્યા ના સમય આસપાસ આગને કાબુ માં લેવાના પ્રયત્નો દરમ્યાન જાણકારી મળતા બારડોલી ફાયર એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ વિવિધ ૪ અગ્નિશમન વાહનો સાથે ઘટના સ્થળે પહોંચી હતી. અગમ્ય સંજોગો માં ભભૂકેલી આગ ને એક તબક્કે કાબુ માં લેવાઈ હતી. પરંતુ ભારે પવન ના કારણે તણખા ઊડતા મળસ્કે ૫ વાગે ફરી એકવાર ભુભૂકેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ આગની જવાળાઓ એ એકબીજાને અડીને આવેલ ભંગાર ના અન્ય ગોડાઉનો ને પણ ઝપેટ મા લીધા હતા. બીજી તરફ સ્થળ નજીક ફાયર એન્જીનો માં પાણી ભરવાની સુવિધાના હોવાના કારણે બારડોલી ફાયર ડિવિઝનના વાહનોએ પાણી ભરવા બારડોલી ટાઉન ના ચક્કરો મારવાની ફરજ પડી હતી. આગ નું સ્વરૂપ વકરતા આગ મેજર ફાયર જણાતા સુરત જિલ્લા ફાયર ડિવિઝન દ્વારા બારડોલી સહિત સુરત SMC, વ્યારા, પીઈપીએલ, કામરેજ, નવસારી, વ્યારા ફાયર ડિવિઝન વગેરે ના ફાયર એન્જીનો ને કોલ અપાયો હતો. કોલ સાથે બનાવ ના સ્થળે પહોંચેલા તમામ લશ્કરોએ સતત ૧૦ કલાકની ભારે જહેમત બાદ આગને કાબૂમાં લઈ કુલિંગ પ્રક્રિયા ચાલુ કરી હોવાનું જાણવા મળે છે. જો કે આગ નું સ્વરૂપ મોટું હોવા છતાં કોઈપણ જાનહાનિના નોંધાતા રાહત અનુભવાઈ હતી.

આગ નું સ્વરૂપ મોટું જણાતા ઘટના સ્થળે બારડોલીના પ્રાંત, ડે. કલેક્ટર જીગ્ના પરમાર સહિત મામલતદાર કલ્પના પટેલ અને પોલીસ ઇન્સ્પેક્ટર વી. એ. દેસાઈ અને કર્મચારીઓએ રાત્રે ઘટના સ્થળ ની મુલાકાત લઈ વિવિધ દિશા માં અવલોકન કર્યું હતું. આગને કાબૂમાં લેવાની બાબતને પ્રાધાન્ય આપતા બારડોલી મામલતદારને ઝીણવટભરી તપાસ નો હુકમ આપતા આગનુ કારણ, જમીન માલિકીના પુરાવા સહિત કબજેદારોની તપાસ સાથે આસપાસ માં રહેણાંક વસાહતો જણાતા બારડોલી નગરપાલિકા કચેરીમાં થી અપાયેલી પરવાનગીઓ ની ખરાઈ, જમીન માલિકી, એનએ પરવાનગી, ફાયર સેફ્ટી સુવિધા અને વીજ કંપની દ્વારા અપાયેલ હાઈ ટેન્શન જોડાણ વગેરે ની તપાસ કરી રિપોર્ટ બનાવવા આદેશ કરાયો હોવાનું જાણવા મળે છે.

મોટાભાગે પ્લાસ્ટિક મટીરીયલ ના ભંગાર ધરાવતા ગોડાઉનો નો સંપૂર્ણ સફાયો થઈ જતા શબ્બીર, સાહિલ અને ઈસ્માઈલ નાના ઈસમોની કબ્જાની જમીન ઉપર ભાગ પાડી ભંગાર ના ધંધો કરતા વિવિધ ૮ ભંગારિયાઓના ગોડાઉનો નો જથ્થો આગમાં સંપૂર્ણ બળી જતા ભારે નુકશાન પહોંચ્યું હતું. બારડોલી મામલતદાર દ્વારા થનારી તપાસ ન અંતે અનેક છબરડાઓ બહાર આવવાની શક્યતા નકારી શકાતી નથી.

## ફિલ્મ 'જીવ' વિશેઃ

## જીવ- ફિલ્મ કચ્છના ભવ્ય અને અદ્ભુત લેન્ડસ્કેપ્સમાં શૂટ કરવામાં આવી છે




આ ફિલ્મની વાર્તા પ્રાણીઓ અને મનુષ્ય વચ્ચેના હૃદયસ્પર્શી જોડાણ પર આધારિત છે. અમે કચ્છની સંસ્કૃતિ, તેના જીવદયા પ્રેમી લોકો અને અહીંના અનોખા પ્રાણીસૃષ્ટિના સૌંદર્યને મોટા પડદા પર લાવવા માટે પ્રતિબદ્ધ છીએ. જીવ માત્ર એક ફિલ્મ નથી, પરંતુ પ્રકૃતિ અને જીવજાત પ્રત્યેના આપણી ફરજ અને સહાનુભૂતિની યાદ અપાવતો એક સંદેશ છે. આજના સ્વાર્થભર્યા સમયમાં આ ફિલ્મ આપણને વિચારવા મજબૂર કરે છે કે શું આપણે મૌન જીવોની પીડા સાંભળી શકીએ છીએ?

૧૨ ડિસેમ્બરે રિલીઝ થનારી આ ફિલ્મ જીવ- ગુજરાતી સિનેમામાં એક નવી દિશા આપશે, જ્યાં ભાવનાઓ, માનવતા અને સંદેશ ત્રણે સાથે એક અદભૂત અનુભવ રચે છે. જીવદયા માટે પોતાનું આખું જીવન સમર્પિત કરનાર સ્વ. શ્રી વેલજીભાઈ મહેતા (જીવદયા મંડળ, રાપર) ના તપમય અને પ્રેરણાદાયી જીવન પરથી પ્રેરિત જીવ નામની ફિલ્મનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ ફિલ્મ તેમના સેવાભાવ, કરુણા, ત્યાગ અને અબોલ જીવ પ્રત્યેના અનન્ય પ્રેમને જનમાનસ સુધી પહોંચાડવાનો પવિત્ર પ્રયાસ છે. જીવ ફિલ્મ થકી જીવદયાની જયોત દરેકના હૃદયમાં પ્રગટે એ જ અમારું ધ્યેય છે. આ ફિલ્મના નિર્માણથી લઈને રજૂઆત સુધીમાં અમને સંતો-મહાત્માઓ તરફથી સતત ધાર્મિક સંસ્કાર, દયા અને માનવતાની પ્રેરણા મળતી રહી છે. આપનો સાથ અને સહકાર જોઈએ છે.

## કીમ બજારમાંથી દબાણ હટાવાયુંઃ લાંબા સમયથી ટ્રાફિક સર્જતા લારી-ગલ્લા દૂર કરાયા



**કીમ ગામના મુખ્ય બજાર અને બ્રિજ નીચેના વિસ્તારમાં સાંજ પડતાં જ ભારે ટ્રાફિક જામના દૃશ્યો સર્જાતા હતા.**

ઓલપાડ- સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કીમ ગામમાં ટ્રાફિકની વર્ષો જૂની સમસ્યાના નિરાકરણ માટે ઓલપાડ માર્ગ અને મકાન વિભાગ દ્વારા મહત્ત્વની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગામના મુખ્ય માર્ગ અને રેલવે ઓવરબ્રિજ નીચેના વિસ્તારમાં ખડકાયેલા લારી-ગલ્લાં અને દબાણોને શાંતિપૂર્ણ માહોલમાં દૂર કરવામાં આવ્યા હતા.

કીમ ગામના મુખ્ય બજાર અને બ્રિજ નીચેના વિસ્તારમાં સાંજ પડતાં જ ભારે ટ્રાફિક જામના દૃશ્યો સર્જાતા હતા. ગેરકાયદેસર રીતે લારીઓ ઊભી રહેવાના કારણે માત્ર વાહનોની અવરજવર જ નહીં, પરંતુ વાહન પાર્કિંગની પણ ગંભીર સમસ્યા સર્જાતી હતી, જેના કારણે અકસ્માતોનો ભય પણ રહેતો હતો. આ અંગે ગામના લોકોની વર્ષો જૂની ફરિયાદ હતી. સ્થાનિકો દ્વારા વારંવાર મળી રહેલી ફરિયાદો અને રજૂઆતોને ગંભીરતાથી લઈને ઓલપાડ માર્ગ અને મકાન વિભાગ હરકતમાં આવ્યું હતું. વિભાગના અધિકારીઓએ પોલીસના સહયોગથી કીમ રેલવે ઓવરબ્રિજ નીચેના રસ્તા પરના તમામ લારી-ગલ્લાં ધારકોને દબાણ દૂર કરવા સૂચના આપી હતી.

માર્ગ અને મકાન વિભાગની ટીમે સઘન કામગીરી કરીને બ્રિજ નીચેની જગ્યાને સંપૂર્ણપણે ખુલ્લી કરાવી દીધી હતી. અધિકારીઓ દ્વારા સમજાવટ અને કાયદાકીય કાર્યવાહીના ડરથી લારી-ગલ્લાં ધારકોએ કોઈપણ પ્રકારના વિરોધ વિના પોતાના દબાણો દૂર કર્યા હતા. આ સમગ્ર દબાણ હટાવવાની કામગીરી કોઈપણ અનિચ્છનીય બનાવ વિના શાંતિપૂર્ણ રીતે પાર પડી હતી.

## બારડોલીમાં વીજપોલ પર લટકતી હાલતમાં યુવકનો મૃતદેહ મળ્યો



**બારડોલી-**બારડોલી નગરમાં ૧૪ ડિસેમ્બરના રોજ કંપ્લેન સેન્ટર પર કોલ આવેલ કે બારડોલી ટાઉન સુરતી પાર્કની પાછળ બારડોલી દૃદ કેવી એસ. એસ. માંથી નીકળતા ૧૧ કેવી સ્વસ્તિક અર્બન ફીડર પર નદી ક્રોસિંગ ડીપી પહેલા ગજીયાની વાડી પરથી ૧૧કેવી કેબલ જયાં આવે છે.

તે શેકલ પોલ પર એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ લટકેલો જોવા મળેલ છે. જેમના જમણા હાથ અને જમણા પગ પર બળેલા સ્પાર્ક ના નિશાન જોવા મળે છે. સ્થળ પર સેકલ પોલ પર એંગલના આધારે બોડી લટકતી જોવા મળેલ છે. જયારે પાવર સપ્લાય ચાલુ સ્થિતિ માં હોવાનું જણાય છે.

ઘટના સ્થળ પર ફાયર સ્ટાફ તેમજ નગરપાલિકાના સ્ટાફ સાથે રહી મૃતદેહને લાઈન પરથી ઉતારી સરકારી હોસ્પિટલ બારડોલી ખાતે પી. એમ. અર્થે મોકલવામાં આવેલ હતી.

મૃતક અજાણ્યો પુરુષ ઈસમ છે, જેની ઉંમર આશરે ૨૫ થી ૩૦ વર્ષની છે. પાતળો બાંધો શ્યામ વર્ણનો અને ઊંચાઈ આશરે પાંચ ફૂટ બે ઇંચ શરીરે કાળા કલરનું પેન્ટ તથા આખી બાયનું આછા ગુલાબી કલરનું શર્ટ પહેરેલ હતું. બારડોલી ટાઉન પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને મૃતક યુવકની ઓળખ મેળવવા તપાસ શરૂ કરી છે.

### પીડીત પરિવારને મળ્યો ન્યાય

## અકસ્માતમાં જીવ ગુમાવનાર માતા-પુત્રના પરિવારને રૂ. ૮૨ લાખનું વળતર અપાયું



**બારડોલી-** મહાવીર જયંતિના પવિત્ર દિવસે જ બારડોલી નજીક કડોદરા હાઇવે પર એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. મુંબઈ જવા માટે બસની રાહ જોઈ રહેલા શાહ પરિવારના ૩૦ વર્ષીય પત્ની અને ૪ વર્ષના પુત્રને પૂરપાટ આવતા એક ટ્રેલરે કચડી નાખતા બંનેના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજયા હતા.

આ ઘટનાથી પલસાણા અને બારડોલીના જૈન સમાજમાં ગમગીની છવાઈ ગઈ હતી.

## નકલી પોલીસ બની વેપારી પાસેથી ખંડણીઃ સુરતમાં ૧૩ લાખ પડાવનાર ત્રણ ઝડપાયા, રિમાન્ડ પર



**બારડોલી-** સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કીમ નજીક આવેલા પામવિલા ફાર્મમાં એક વેપારી પાસેથી નકલી પોલીસ બનીને રૂ. ૧૩ લાખની ખંડણી પડાવવાના કેસમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટના એક મહિના અગાઉ બની હતી, જયાં આરોપીઓએ વેપારીને ધમકાવીને રૂ. ૨૫ લાખની ખંડણી માંગી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, એક મહિના પહેલા વેપારી તેમના મિત્ર અને એક મહિલા સાથે ફાર્મ હાઉસમાં ગયા હતા. તે સમયે 'પોલીસ' લખેલી સ્વિફ્ટ કારમાં આવેલા ત્રણ શખ્સોએ પોતાની ઓળખ પોલીસ તરીકે આપી હતી. તેમણે વેપારીને મહિલા સાથે ખોટા ધંધા કરવાનો આરોપ લગાવી કાર્યવાહી કરવાની ધમકી આપી હતી.


આરોપીઓએ વેપારીને એક બાજુ લઈ જઈ માર માર્યો હતો અને ચપ્પુ બતાવી રૂ.૨૫ લાખની ખંડણી માંગી હતી. જોકે, અંતે તેઓ વેપારી પાસેથી રૂ.૧૩ લાખ પડાવીને ફરાર થઈ ગયા હતા. પોતાની ઇજ્જત અને પ્રતિષ્ઠાના ડરથી વેપારીએ શરૂઆતમાં પોલીસ ફરિયાદ નોંધાવી ન હતી.

એક મહિના પછી, વેપારીએ કીમ પોલીસ મથકે જઈને ફરિયાદ નોંધાવી હતી.

આ ફરિયાદના આધારે, કીમ પોલીસે નકલી પોલીસ બનીને ખંડણી માંગનાર ત્રણ અજાણ્યા ઇસમો વિરુદ્ધ ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી હતી. કીમ પોલીસને બાતમી મળી હતી કે ત્રણેય આરોપીઓ કોસંબા-કઠોદરા રોડ પર કીમ નદી નજીક આવી રહ્યા છે. આ માહિતીના આધારે પોલીસે વોચ ગોઠવી ત્રણેય આરોપીઓને ઝડપી પાડ્યા હતા અને તેમની સ્વિફ્ટ કાર પણ કબજે કરી હતી.

પોલીસે હાલ ત્રણેય આરોપીઓની અટકાયત કરી છે. તેમને કોર્ટમાં રજૂ કરીને પાંચ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. પોલીસે આરોપીઓએ ગુનાનો પ્લાન ક્યારે બનાવ્યો, તેમને કોઈએ ટીપ આપી હતી કે કેમ, ખંડણીના પૈસા ક્યાં છે, અને તેમનો કોઈ ગુનાહિત ઇતિહાસ છે કે નહીં તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

**એક મહિના પછી, વેપારીએ કીમ પોલીસ મથકે જઈને ફરિયાદ નોંધાવી હતી.**



## નવો ભાડા કાયદો 2025

### મકાન માલિકો અને ભાડૂઆતો માટેના નવા નિયમો

**ભાડાના મકાનમાં રહેતાં હોવ તો કામની વાત**

- **ડિપોઝિટની મર્યાદા:** મકાન માલિકો બે મહિનાના ભાડા કરતાં વધુ ડિપોઝિટ લઈ શકશે નહીં. કોમર્શિયલ ભાડા માટે છ મહિના સુધીની મર્યાદા નક્કી કરાઈ.
- **ભાડામાં વધારો:** મકાન માલિક 12 મહિના પછી જ ભાડામાં વધારો કરી શકે છે અને વધારાના 90 દિવસ પહેલા લેખિત નોટિસ આપવી પડશે.
- **મિલકત નિરીક્ષણ:** મકાન માલિકને ઘર/મિલકતની તપાસ કે સમારકામ કરવું હોય તો ભાડૂઆતને 24 કલાક પહેલા લેખિત જાણ કરવી ફરજીયાત રહેશે.
- **સમારકામ:** જો 30 દિવસમાં મકાન માલિક જરૂરી મરામત ન કરે, તો ભાડૂઆત પોતે સમારકામ કરાવીને ખર્ચ ભાડામાંથી બાદ કરી શકે છે
- **ભાડૂઆતને દૂર કરવો:** સ્પષ્ટ કાયદાકીય પ્રક્રિયા વિના ભાડૂઆતને મકાન-મિલકત ખાલી કરાવી શકાશે નહીં.
- **કરારનું રજીસ્ટ્રેશન:** તમામ ભાડા કરારોનું 60 દિવસની અંદર ડિજિટલ સ્ટેમ્પિંગ અને ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજિયાત.
- **પોલીસ વેરિફિકેશન:** ભાડૂઆતનું પોલીસ વેરિફિકેશન ફરજિયાત છે.
- **દંડને પાત્ર કૃત્યો:** તાળા બદલવા, વીજળી કે પાણી બંધ કરવા અથવા ભાડૂઆતને ધમકાવવા જેવી કોઈપણ કાર્યવાહી હવે દંડને પાત્ર છે.

## દિલ્હીની ઝેરી હવામાં શ્વાસ લેવો મુશ્કેલ, AQI ૫૦૦ પર પહોંચ્યો, વિઝિબિલિટી શૂન્ય



દિલ્હીના રહેવાસીઓ આ સમયે હવા અને ધુમ્મસના બમણા મારનો સામનો કરી રહ્યા છે. સોમવારે સવારે, રાષ્ટ્રીય રાજધાનીમાં હવાની ગુણવત્તા અત્યંત ગંભીર સ્તરે પહોંચી ગઈ છે, જેના કારણે અનેક વિસ્તારોમાં એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) ૫૦૦ પર નોંધાયો છે. આ ગંભીર પ્રદૂષણની સાથે ગાઢ ધુમ્મસ છવાયું હોવાથી ITO સહિત ઘણા વિસ્તારોમાં વિઝિબિલિટી (દૃશ્યતા) શૂન્ય થઈ ગઈ છે.

જેમ જેમ દિલ્હીમાં ઠંડી વધી રહી છે, તેમ તેમ AQI સ્તરમાં પણ વધારો થઈ રહ્યો છે. સોમવારે સવારે ૬ વાગ્યે દિલ્હીનો સરેરાશ અચઈં ૪૫૬ નોંધાયો, જે 'ખૂબ ગંભીર' પ્રદૂષણની સ્થિતિ દર્શાવે છે. અશોક વિહાર, રોહિણી, જહાંગીરપુરી અને વજીરપુર જેવા વિસ્તારોમાં તો AQI લેવલ ૫૦૦ સુધી પહોંચી ગયું છે. ઓછી પવનની ગતિને કારણે દિલ્હી હાલમાં 'ગેસ ચેમ્બર' થી ઓછું નથી. આનંદ વિહારમાં અચઈં ૪૯૩, નેહરુ નગરમાં ૪૮૯, ઓખલા અને આરકે પુરમમાં ૪૮૩, જયારે વિવેક બિહારમાં ૪૯૩ નોંધાયો હતો. આ પરિસ્થિતિમાં લોકો માટે ખુલ્લી હવામાં શ્વાસ લેવો મુશ્કેલ બની ગયો છે. આંખોમાં બળતરા અને માથાનો દુખાવો જેવી સ્વાસ્થ્ય સમસ્યાઓ વધી રહી છે, અને સ્થિતિ એટલી ગંભીર છે કે ઘરોની અંદર પણ ઝેરી હવા અસર કરી શકે છે. દિલ્હીમાં 'ગ્રેપ-૪' (GRAP-૪) લાગુ હોવા છતાં સ્થિતિ નિયંત્રણમાં આવી રહી નથી.

દિલ્હીવાસીઓ ગાઢ ધુમ્મસ અને સ્મોગના બેવડા પ્રહારનો સામનો કરી રહ્યા છે. આજે સવારે 3 મીટર દૂરનું પણ કંઈ દેખાતું નહોતું, જેના કારણે રસ્તાઓ પર વાહનો ધીમી ગતિએ ચાલતા જોવા મળ્યા હતા. રવિવારે પણ દિલ્હીના ૩૯ સક્રિય વાયુ ગુણવત્તા મોનિટરિંગ કેન્દ્રોમાંથી ૩૮ માં પ્રદૂષણનું 'ગંભીર' સ્તર નોંધાયું હતું. ગત દિવસના ૪૩૨ AQI થી વધીને આ સ્તર રેકોર્ડ પર પહોંચી ગયું છે, જે એપ્રિલ ૨૦૧૫ માં AQI મોનિટરિંગ સિસ્ટમ શરૂ થયા પછીનું સૌથી ઊંચું સ્તર છે.

Date-17/12/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

## માહિતીના અતિરેકથી વિખેરાતી એકાગ્રતા

પોત વિનાની વિગતો નિરૂપયોગી છે. કોન્ટેક્સ્ટ વિનાની ટેક્સ્ટ સમસ્યા છે. આપણી ક્ષમતા અને જરૂરિયાતથી વધારે તથ્યો અને માહિતીઓ આપણી એકાગ્રતા વિખેરી નાખે છે. બેહિસાબ અને બેસુમાર ડેટાને લીધે માનવીય વિવેકનું સમત્વ અને સમતોલન પણ ખોવાય છે. કોઈ તરુણને વિશ્વભરની વિડીયો ગેમ રમતા આવડી જાય તે સ્વયં કોઈ પ્રાપ્તિ નથી. તથ્યોનો સરવાળો સત્ય નથી અને સંખ્યા સત્યનું અનિવાર્ય અંગ નથી. ક્યારેક તથ્યોના-ડેટાના અતિરેકને લીધે આપણું ચિંતન દિશાહીન બને છે અને ધ્યાન ખંડિત થાય છે. આધુનિક મનોવિજ્ઞાન તેને 'એનાલિસિસ પેરેલિસિસ' તરીકે ઓળખાવે છે. સમગ્ર ચંદ્ર-પૂર્ણિમાનું પ્રતિબીંબ ઝીલવા માટે સરોવરના જળ શાંત-સ્થિર હોવા જોઈએ. તે રીતે ડેટાની અર્થપૂર્ણતા સમજવા ચિત્તને શાંત સરોવર સમું રાખવાનું છે. રોમન વિચારક માર્કે ઓરેલીઅસે એક અફલાતૂન કસોટી આપી છે. દરેક પળે અને પ્રસંગે જયારે પણ વિગત સામે આવે ત્યારે સ્વયંને પ્રશ્ન પૂછો 'આ વિગત મારી માટે અનિવાર્ય છે?' આ પ્રશ્ન થકી આપણને શું સ્વીકારવું અને શું નકારવું તેનો ખ્યાલ આવી જશે. કદાચ, આપણને તાકીદનું શું છે અને અગત્યનું શું છે તેની વચ્ચેના ભેદની નથી ખબર. ક્યારેક આપણી મહત્તા આપણે શું સ્વીકારીએ છીએ તેના પર નહીં પણ આપણે શું નિવારીએ છીએ તેના પર હોય છે. દરેક વિગતને પ્રત્યુતર આપવાની જરૂર નથી. જીવનનો આ સૌથી મોટો વિવેક છે.

રાયન હોલીડે ફ્રાન્સનાં નેપોલિયન બોનાંપાર્ટની એક ટેવ નોંધે છે. તેણે તેના સેક્રેટરીને આદેશ આપેલો કે કોઈ પણ ટપાલનો જવાબ ત્રણ અઠવાડિયા સુધી ન આપવો. તેથી ક્યારેક તો આ સમય દરમ્યાન સમસ્યા જ ઉકેલાઈ જતી અને જવાબ લખવાની જરૂર જ ના પડતી. આપણે ૨૪૮૭ના મલ્ટી-મીડિયાના યુગમાં તથ્યો નિવારવાની જરૂર હોય છે. પળે-પળે બદલાતી ડેવલપીંગ સ્ટોરીમાં કોઈ નિર્ણય લેવાની અને ચુકાદો આપવાની જરૂર નથી. કારણ ત્યારે અધુરી વિગતે સમગ્રતાનો ખ્યાલ નથી આવતો. જેમ બધા ડોટ્સ દોરાઈ ગયા પછી ચિત્ર બને તેમ બધા પ્રસંગો પછી નિર્ણય બને. ટ્રેન્ડ સત્ય નથી, ઘડી ભર નો વંટોળ છે. ટ્રેન્ડમાં નાનકડી અને નિરર્થક વિગતોને મેગ્નીફાય ગ્લાસથી દેખાડવામાં આવે છે. જે આપણી માટે અપ્રસ્તુત છે પણ આપણને તે ઝકડે છે. આપણે અપડેટ છીએ તેવી ઓળખ અને અહંકાર પોષે છે. ગોસીપ કોઈ જ્ઞાન નથી. ક્યારેક આપણે એક સાથે અખબાર, ટીવી અને મોબાઇલમાં એન્ગેજ હોઈએ છીએ. જાણે ડેટાના તોફાની વહેણમાં તણાઈ રહ્યા છીએ. સંસ્કૃતિઓના અભ્યાસુ યુઅલ નોઆ હરારી કહે છે 'ઇતિહાસનો ખરો નાયક હોમોસેપિયન નથી પણ ડેટા છે' ખરી વાત, પણ તે વીલન ન બને તેની જવાબદારી આપણી છે. માર્સેલ ગ્લેઇઝર આ રીતે આપણને સાંત્વના આપે છે, 'બધું જાણતાં ન હોય તો ચાલે વાંધો નહીં. તેથી વિજ્ઞાન અશક્ત નહીં બને. પણ હા તે વધુ માનવીય બનશે.' મને અંગત રીતે લાગે છે :

## તાપી જિલ્લા ના સોનગઢના અગ્રવાલ સમાજની મહિલાઓ દ્વારા સનાતન પાઠશાળાનો સફળ આરંભ









**સોનગઢ-** સોનગઢના અગ્રવાલ સમાજની મહિલાઓના પ્રયાસોથી સોનગઢ ખાતે સનાતન પાઠશાળાની શરૂઆત કરવામાં આવી છે. છેલ્લા ૬ મહિનાથી સતત મહેનત અને પ્રયાસો બાદ તારીખ ૬ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ સનાતન પાઠશાળાનો ઔપચારિક આરંભ કરવામાં આવ્યો.

પાઠશાળાની શરૂઆત સાથે જ બાળકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. પ્રથમ જ દિવસે આશરે ૭૦ થી ૮૦ બાળકોની નોંધણી થતાં આયોજકોમાં આનંદની લાગણી જોવા મળી. આ સમગ્ર કાર્યમાં ૨૦ થી ૨૫ મહિલાઓ સક્રિય રીતે જોડાઈ બાળકોના સંસ્કાર ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. પાઠશાળામાં બાળકોને ભારતીય સંસ્કૃતિ અને સનાતન પરંપરાની સમજ આપવામાં આવે છે. દરરોજ સવાર અને સુતા સમયે શ્લોક પાઠ, પ્રાર્થના, વાર્તાઓ, તહેવારોનું મહત્વ, દેશભક્તિ ગીતો, ભજન તેમજ રમતગમત જેવી પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. સાથે જ બાળકોને નાસ્તો તથા ફળો પણ આપવામાં આવે છે.

આગામી સમયમાં બાળકો માટે પિકનિકનું આયોજન કરવાની સાથે સનાતન પાઠશાળાનું લોગો બનાવી ટી-શર્ટ વિતરણ કરવાની પણ યોજના બનાવવામાં આવી છે. અગ્રવાલ સમાજની મહિલાઓ દ્વારા શરૂ કરાયેલો આ પ્રયાસ સમાજમાં સંસ્કાર અને સંસ્કૃતિના સંરક્ષણ માટે પ્રેરણારૂપ સાબિત થઈ રહ્યો છે. આ પાઠશાળા શરૂ કરવામાં સંતોષબેન અગ્રવાલ તથા તેમની ટીમ દ્વારા ખૂબ જ મહેનત કરી ઘરે ઘરે ફરી સનાતન પાઠ શાળાનું મહત્વ બાળકોના વાલીઓને સમજાવી આ પાઠશાળામાં પોતાના બાળકોને જોડવા માટે પહેલ કરાઈ હતી ને આજે પ્રથમ જ દિવસે ૭૦ જેટલા બાળકો નું રજીસ્ટ્રેશન કરાયું હતું.

## ગમખ્વાર અકસ્માત સર્જાયોઃ શેરડી ભરેલા ટ્રેક્ટર પાછળ કાર ઘુસી જતાં ખુરદો થઇ



**બારડોલી-**વાપી-શામળાજી માર્ગ પર અથડાય હતી. બારડોલી તાલુકાના વાંસકૂઈ ગામે ટ્રેક્ટર અને કાર વચ્ચે ગમખ્વાર અકસમાત સર્જાયો હતો. કાર શેરડી ભરેલા ટ્રેક્ટરની પાછળ ઘૂસી ગઈ હતી. જેના કારણે કારને મોટું નુકસાન થયું હતું અને ટ્રેક્ટરમાંથી શેરડી નીચે ઠલવાઈ ગઈ હતી.

જોકે, કારમાં એરબેગ હોવાથી કારમાં સવાર લોકોને જાનહાની થઈ ન હતી.

## ખ્રિસ્તીઓની સંખ્યા વધી, હિન્દુઓ વિભાજિત હોવાથી ઘટી, નીતિન પટેલનું ધર્માંતરણ મુદ્દે નિવેદન



ગુજરાતમાં ફરીવાર ધર્માંતરણનો મુદ્દો ચગ્યો છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જાહેરમાં ધર્મ પરિવર્તન પર મોટું નિવેદન આપી ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું છે કે ખ્રિસ્તીઓની સંખ્યા વધી રહી છે. હિન્દુઓને ફોસલાવીને ધર્માંતરણ કરવામાં આવે છે. આપણી વસતી ઘટતી જાય છે કારણ કે આપણામાં વિભાજન છે. મહેસાણાના કડીના બુડાસણમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય સંકુલ ખાતે સભા ઓમકાર સેવા મિશન ચેરીટેબલ ટ્રસ્ટની સાધારણ સભા યોજાઈ હતી. જેમાં રાજયના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે હાજરી આપી હતી. આ સભામાં તેમણે ધર્માંતરણ મુદ્દે વાત કરી હતી.

ખ્રિસ્તીઓની વસતી વધી રહી છે. મુસ્લિમ એક અલગ વિષય છે તેને ખ્રિસ્તીઓ સાથે જોડવાની જરૂર નથી. એક આતંકવાદીઓનો પક્ષધર, વિદ્રોહીઓનો પક્ષધર છે, હિંસક લોકોનો પક્ષધર છે. અને એક ફોસલાવી, હાથ ફેરવી અને પટાવીને ધર્માંતરણ કરાવનારા લોકો છે. બંનેનું લક્ષ્ય તો એક જ છે કે ગમે તેમ કરીને હિન્દુઓને ઓછા કરવા, હિન્દુ ધર્મ પણ વર્ચસ્વ જમાવવું, આ માટે ખ્રિસ્તી ધર્મના કેટલાક લોકો ધર્મ પરિવર્તન કરાવે છે.'

વર્ચસ્વ જમાવવા માટે ખ્રિસ્તી મિશનરી બહુ ચાલાકીથી ધર્મ પરિવર્તનનું કામ કરે છે. નિશાળ કરે, કપડાં આપે, દવાખાનું ખોલે, હોસ્ટેલ ખોલે અને પેલા લોકો હિંસક રીતે એક જ વાત કરીને એમનું કામ કરે છે. બંનેમાં એક આતંકવાદીઓ અને દેશદ્રોહીઓનો પક્ષ છે'

તો બીજી તરફ પૂર્વ નાયબ મુખ્યમંત્રીએ પડાલીયાકાંડ પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે અંબાજીમાં જે પ્રશ્ન બન્યો તે ખૂબ જ સેન્સેટીવ પ્રશ્ન છે. પોલીસ કાર્યવાહી કરે અને મામલો શાંત થઈ જાય એવું નથી હોતું. આદિવાસી સમાજમાં ચડોતરુંનો રિવાજ છે. આપણે તેમણે પ્રેમથી સમજાવવા પડશે. આપણે સમાજની રીતે કામ કરવું પડશે.


**વર્ચસ્વ જમાવવા માટે ખ્રિસ્તી મિશનરી બહુ ચાલાકીથી ધર્મ પરિવર્તનનું કામ કરે છે. નિશાળ કરે, કપડાં આપે, દવાખાનું ખોલે, હોસ્ટેલ ખોલે અને પેલા લોકો હિંસક રીતે એક જ વાત કરીને એમનું કામ કરે છે. બંનેમાં એક આતંકવાદીઓ અને દેશદ્રોહીઓનો પક્ષ છે'**

## શહેરમાં શબવાહિની માટે રોજના ૫૦ કોલ, ૧૫ જ હોવાથી ૧ કલાકનું વેઇટિંગ

સુરત- ૧૦ ફાયર સ્ટેશન પર તૈનાત રહે છે, વેઇટિંગ ચાલતું હોવાથી કલાક પહેલાં જ વર્દી લખાવવાનો આગ્રહ કરાય છે. પાલિકા ફાયર કંટ્રોલ રૂમના નિરવ પટેલના જણાવ્યા અનુસાર ૧૫ શબવાહિનીમાં આખું શહેર ચલાવવાનું હોવાથી ખુબ મુશ્કેલી પડે છે. ડ્રાઇવરો હોતા નથી, કેટલીક ગાડી બંધ કે રિપેરમાં હોય છે. આઉટ સિટીમાં માત્ર કોન્ટ્રાક્ટની ૫ ગાડી જ જાય છે અને એ પણ શક્ય હોય તો જ બાકી ના પાડી દઇએ છીએ.

શબવાહિની માટે રોજના સરેરાશ ૫૦ લેખે મહિને ૧૫૦૦ કોલ આવે છે. શહેરમાં કલાક પર ૪૦ રૂપિયા (નોન એસી), કલાકની ઉપર થાય તો એક્સ્ટ્રા ૩૦ રૂપિયા, એસી ગાડીમાં કલાકના ૧૦૦ થી ૧૫૦, ૫ ખાતાંની તમામ ગાડી એસીવાળી છે. પોલીસને પણ કોઈ બોડી મળે ત્યારે ગાડી અપાય છે. સરેરાશ બૂક કરાવો તેના ૧ કલાક રાહ જોવી પડે છે.

## બોન્ડી બીચ પર પાકિસ્તાની આતંકી પિતા-પુત્રએ માત્ર યહૂદીઓને નિશાન બનાવ્યા



સિડની : ઓસ્ટ્રેલિયાના બોન્ડી બીચમાં થયેલા આતંકવાદી હુમલામાં મૃત્યુ આંક વધીને ૧૬ થઈ ગયો છે. પોલીસને એવી આશંકા છે કે હુમલામાં પાકિસ્તાની નાગરિકો આતંકવાદી બાપ-દીકરો ઉપરાંત એક ત્રીજો આતંકવાદી પણ સંડોવાયેલો હતો. તેની શોધખોળ શરૂ કરી છે. બાપ-દીકરામાંથી એક ઈજાગ્રસ્ત બન્યો હતો એટલે પોલીસે તેની ધરપકડ કરી હતી. એક આતંકી હુમલા વખતે જ વળતા ફાયરિંગમાં ઠાર થયો હતો.

ઓસ્ટ્રેલિયાના સિડનીમાં બોન્ડી બીચમાં અંધાધૂંધ ગોળીબાર કરીને આતંકવાદીઓએ તહેવારની ઉજવણી કરી રહેલા લોકોમાં હાહાકાર મચાવી દીધો હતો. મૃત્યુ આંક વધીને ૧૬ થયો હતો. લગભગ ૪૦ લોકો ઈજા પામ્યા છે અને તેમની સારવાર ચાલી રહી છે. ઘટનાના અભ્યાસ પરથી જણાયું કે આતંકવાદીઓ તાલીમ પામેલા હતા. બહુ જ સિફ્તપૂર્વક ગોળીબાર કરી રહ્યા હતા. એ સ્થળે પોલીસ કર્મચારીઓ હતા, છતાં તેઓ તુરંત કશું કરી શક્યા નહીં. એ દરમિયાન આ આતંકવાદીઓએ મોતનું તાંડવ સર્જી નાખ્યું હતું.

આતંકવાદીઓની ઓળખ થઈ છે. એ પ્રમાણે બે આતંકવાદીઓ બાપ-દીકરો હતા. ૫૦ વર્ષનો સાજિદ અક્રમ અને તેનો દીકરો ૨૪ વર્ષનો નવીદ અકરમમાંથી ગોળીબારમાં સાજિદ ઠાર થયો હતો. બીજો હુમલાખોર નવીદ ઈજાગ્રસ્ત બન્યો હતો એટલે પોલીસે તેની ધરપકડ કરી હતી. પોલીસને આશંકા છે કે ત્રીજો આતંકવાદી પણ આ હુમલામાં સંડોવાયેલો હતો. તેને ઝડપી લેવા માટે પોલીસે તજવીજ શરૂ કરી છે. નવીદના બાપ સાજિદને ફળોની દુકાન હતી. આ બાપ-દીકરાના પરિવારને પણ જાણ ન હતી કે તે આતંકવાદી જૂથ સાથે સંડોવાયેલા છે. બંનેએ વીકેન્ડ ફીશિંગ ટ્રીપમાં જઈ રહ્યા હોવાનું જણાવ્યું હતું. બંને પાકિસ્તાનના નાગરિકો છે એ ઉપરાંત આતંકવાદી જૂથ આઈએસમાં જોડાયેલા હતા. હુમલાખોરોની કારમાંથી આઈએસના ઝંડા મળી આવ્યા છે. વીડિયો ફૂટેજમાં પણ કારમાં આઈએસના કાળા ઝંડા જોવા મળ્યા છે. તપાસમાં એવું પણ જણાયું કે આ હુમલો માત્ર યહૂદીઓને ટાર્ગેટ કરીને થયો હતો.

## સુરતમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમની સમીક્ષા બેઠક યોજાઈ

## પ્રભારી સચિવ ડો. રાજીવ ટોપનોએ અધિકારીઓ અને રાજકીય પક્ષો સાથે ચર્ચા કરી




**બારડોલી-** સુરત જિલ્લાના પ્રભારી સચિવ ડો. રાજીવ ટોપનોની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરીના સભાખંડમાં મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાની વિધાનસભાના ઈ. આર. ઓ. (ચૂંટણી નોંધણી અધિકારીઓ) અને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન, SIR કાર્યક્રમ હેઠળ સુરત જિલ્લામાં થયેલી કામગીરી અંગે PPT દ્વારા વિગતવાર માહિતી રજૂ કરવામાં આવી હતી. આ સમીક્ષામાં મતદારોના ગણતરી ફોર્મનું ડિજિટાઈઝેશન, મતદારોનું મેપિંગ, કેટલા ગણતરી ફોર્મ મળ્યા નથી, મૃત્યુ પામેલા મતદારો અને સ્થળાંતર અંગેની વિગતો ચકાસવામાં આવી હતી. મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત ભરાયેલા નવા નોંધણી, સુધારા, સ્થળાંતર અને નામ રદ કરવા સંબંધિત વિવિધ ફોર્મ પર થયેલી કાર્યવાહી અંગે પણ ચર્ચા થઈ હતી. પ્રભારી સચિવ ડો. ટોપનોએ મતદાર યાદીની ચોકસાઈ, પારદર્શિતા અને સમયબદ્ધ પૂર્ણતા સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે આ માટે જરૂરી સૂચનાઓ આપી હતી અને ડોક્યુમેન્ટેશન યોગ્ય રીતે કરવા જણાવ્યું હતું.


**ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે**

• ૫–સિટર • ૭–સિટર •





સંપર્ક– અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

Date-17/12/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

### ભય-પ્રલોભન આપી કોઈનું ધર્માંતરણ ન કરવું જોઈએ

## બારડોલીમાં ૧૪ મી સરદાર સંગોષ્ઠિ યોજાઈ; મોરારિબાપુએ ધર્માંતરણ મુદ્દે મહત્વનું નિવેદન આપ્યું



બારડોલી- સુરત જિલ્લાના બારડોલી સ્વરાજ આશ્રમ ખાતે ૧૪ મી સરદાર સંગોષ્ઠિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રનિર્માતા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે આ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન મોરારિબાપુએ ધર્માંતરણના મુદ્દે પોતાની પ્રતિક્રિયા આપી હતી. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ભય અને પ્રલોભન આપીને કોઈનું ધર્માંતરણ ન કરવું જોઈએ.

બારડોલીને પોતાની કર્મભૂમિ બનાવનાર અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલના વિચારોને ઉજાગર કરવાના હેતુ સાથે આ સંગોષ્ઠિનું આયોજન કરાયું હતું. બારડોલી સત્યાગ્રહે સરદારની નેતાગીરી, ખુમારી અને અહિંસાથી પણ સફળતા મેળવી શકાય છે તે સાબિત કરી આપ્યું હતું.

આ સંગોષ્ઠિ કાર્યક્રમમાં કથાકાર મોરારિબાપુની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. મુખ્ય મહેમાનો તરીકે દિલ્હીના લોકસભાના સ્પીકર વિજેન્દ્ર ગુપ્તા, લેખક ડો. વિશાલ ભાદાણી, લેખક વસંત ગઢવી, જાણીતા વક્તા જય વસાવડા અને બારડોલીના ધારાસભ્ય ઈશ્વર પરમાર સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.

## ચિ. નિકુંજકુમાર અને ચિ. નિલમકુમારીના શુભલગ્ન પ્રસંગે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપતા દુર્લભ વનસ્પતિના બીજ, સીડ બોલ તથા ઓક્સિજન પ્લાન્ટ ભેટ સ્વરૂપે આપી આશીર્વાદ આપવામાં આવ્યા



**વ્યારા-** તાપી જિલ્લા, વ્યારા તાલુકાના ગામ ઉંચામાળા (નાનીચેર) નિવાસી સ્વ. રવિન્દ્રભાઈ જમસીભાઈ ચૌધરી તથા ગં. સ્વ. સરલાબેન રવિન્દ્રભાઈ ચૌધરીના સુપુત્ર ચિ. નિકુંજકુમાર અને ચિ. નિલમકુમારીના શુભલગ્ન પ્રસંગે હેપ્પી હોમ રેસીડેન્સી, વ્યારા ખાતે અનોખી રીતે ઈકો-ફ્રેન્ડલી લગ્ન ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે પર્યાવરણ પ્રેમી વિજેશભાઈ ગામીત દ્વારા ઉપસ્થિત નવદંપતિને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપતા દુર્લભ વનસ્પતિના બીજ, સીડ બોલ (બીજના ગોળા) તથા ઓક્સિજન પ્લાન્ટ ભેટ સ્વરૂપે આપી આશીર્વાદ આપવામાં આવ્યા.

સાથે સાથે વધુમાં વધુ વૃક્ષારોપણ કરીને પર્યાવરણ બચાવવા માટે સૌને આહ્વાન કરવામાં આવ્યું. લગ્ન પ્રસંગે ઉપસ્થિત વર તથા કન્યા પક્ષના પરિવારજનો અને મહેમાનો દ્વારા પણ ઈકો-ફ્રેન્ડલી લગ્ન ઉજવણીને સમર્થન આપી નવદંપતિને શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

ANILDARBAR
Mo: 97242 60058

DHARMESH PATEL
Mo: 99250 47272

વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઈંડાની દરેક આઈટમ મળશે...
મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!
ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

## નાણાકીય ક્ષેત્રમાં બિન દાવાવાળી સંપત્તિના ઝડપી નિવારણ માટે માર્ગદર્શિત કરતાં જિલ્લા પોલીસ વડા જશુભાઈ દેસાઈ








ડો. બાબાસાહેબ આંબેડકર હોલ વ્યારા ખાતે નાગરિકોને તેમના નાણાકીય હક અપાવવા જાગૃતિ શિબિર યોજાયો

સોનગઢ- તાપી જિલ્લા પોલીસ વડાશ્રી જશુબાઈ દેસાઈની અધ્યક્ષતામાં ડો. બાબાસાહેબ આંબેડકર હોલ, વ્યારા ખાતે તમારી મૂડી, તમારો અધિકાર થીમ અંતર્ગત બેન્ક ઓફ બરોડા તથા લીડ બેન્કના સંયુક્ત ઉપક્રમે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. નાણાકીય ક્ષેત્રમાં બિન દાવાવાળી સંપત્તિના કાર્યક્ષમ તથા ઝડપી સમાધાનને કેન્દ્રમાં રાખી યોજાયેલા આ કાર્યક્રમમાં બેન્ક ઇન્શ્યોરન્સ, પેન્શન, મ્યુચ્યુઅલ ફંડ સહિત વિવિધ નાણાકીય સંસ્થાઓમાં નાગરિકોના નામે પડેલી બિનદાવા રકમના નિવારણ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ તકે મહાનુભાવોએ જણાવ્યું કે, આ જાગૃતિ શિબિરનો આશય અનક્લેમ્ડ ફંડને સાચા હકદાર સુધી પહોંચાડવો છે. નાગરિકો કેવી રીતે અનક્લેમ્ડ ડિપોઝિટ શોધી શકે, જરૂરી દસ્તાવેજો કયા છે અને દાવાની પ્રક્રિયા કેવી રીતે કરવાની, તે અંગે વિગતવાર સમજણ અપાઈ હતી. જિલ્લા સ્તરે આગામી દિવસોમાં નાગરિકોને તેમના નાણાકીય હકો અંગે વધુ માહિતી મળે અને તેઓ જાગૃત થાય તેવા શુભ આશય સાથે વિવિધ શિબિરોના આયોજન અંગે પણ જાણકારી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં સુરતના રિજનલ મેનેજર આદર્શ કુમાર, ગુજરાત ગ્રામિણ બેન્કના જનરલ મેનેજર રાજ કપુર, તાપી નાબાર્ડના DDM ઉત્કર્ષ દેશમુખ, આરબીડીએમ સુરતના અસિમ રાણા અને તાપી એલડીએમ ભરત મકવાણા સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

## શ્રી સત્ય સાઈ હોસ્પિટલ બારડોલી દ્વારા ૭૨૧ મો આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું





**બારડોલી-** શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલિત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૧૫/૧૨/૨૦૨૫ ને સોમવારના રોજ ૭૨૧ માં આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ મોતિયા ના ઓપરેશનો લેન્સ સાથે નીઃ શુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગા ને ભોજન (નારાયણ સેવા) ગીતાબેન જગદીશભાઈ સોની, લેસ્ટર (યુ.કે ) તરફ થી કરાવવામાં આવ્યું .

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ , દાંત વિભાગ અને ફિજિયો થેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને સીવણ તથા બ્યુટી પાર્લર ના ક્લાસ વિના મૂલ્યે ચલાવવામાં આવે છે અને યોગા ક્લાસ સવારે ૬ થી ૭ ના સમય ગાળા દરમિયાન ચાલે છે. બધી જ સારવાર એકદમ ફ્રી માં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકો ને લાભ લેવા વિનંતિ.

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર
ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી
બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808

### તાપી જિલ્લા ઉકાઈ તાલુકા ગુણસદા ગામમાં આવેલ

## સિંઘાનિયા પબ્લિક સ્કૂલમાં તા. ૧૩-૧૨-૨૦૨૫ ના રોજ વિજ્ઞાન અને ગણિત પ્રદર્શન સાયન્સ મેથેમેટિક્સ એક્ઝિબિશનનું સફળ આયોજન કરવામાં આવ્યું







**તાપી-** તાપી જિલ્લા ઉકાઈ તાલુકા ગુણસદા ગામમાં આવેલ સિંઘાનિયા પબ્લિક સ્કૂલમાં તા. ૧૩-૧૨-૨૦૨૫ ના રોજ વિજ્ઞાન અને ગણિત પ્રદર્શન સાયન્સ મેથેમેટિક્સ એક્ઝિબિશનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વિચારધારા વિકસાવવાનો અને સમાજને ઉપયોગી એવા પ્રોજેક્ટ્સ રજૂ કરવાનો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી રાઘવેન્દ્ર હેબર જી (એગ્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડેન્ટ, જે.કે. પેપર લિમિટેડ) ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ વિશિષ્ટ મહેમાનો તરીકે ચીફ એન્જિનિયર જનરલ GEB શ્રી એસ.ડી. પટેલ, GEB પ્રોજેક્ટ હેડ શ્રી કીર્તિ ચૌધરી, CISF ડેપ્યુટી કમાન્ડન્ટ શ્રી સર્વેશ કુમાર યાદવ, CGM જે.કે. પેપર શ્રી મિત્તલ જી, GM કોમર્શિયલ જે.કે. પેપર શ્રી યોગેશ ચૌહાણ જી , શ્રી મુથૈયન, શ્રી બાપુ કોલી, શ્રી રાજનભાઇ ઠાકોર , શ્રી નિલેશ ઉપાસની તેમજ અનેક અન્ય વી.આઈ.પી. મહેમાનો હાજર રહ્યા હતા.એટોમિક એનર્જી સેન્ટ્રલ સ્કૂલ, કાકરાપાર ના શિક્ષકો શ્રી એચ. કે. મહેર PGT (જીવવિજ્ઞાન), ડો. વેંકટેશ્વર PGT (રાસાયણશાસ્ત્ર),

શ્રી હિતેશકુમાર રાયકવાર TGT (ગણિત/ ભૌતિકશાસ્ત્ર)કૃતિઓનું નિરક્ષણ કરવા માટે હાજર થયા હતા.

આ તમામ મહેમાનોએ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા વિજ્ઞાન અને ગણિતના પ્રોજેક્ટ્સને નિહાળી તેમની ખુલ્લા દિલથી પ્રશંસા કરી. સમાજ માટે ઉપયોગી બને એવા પ્રોજેક્ટ્સ પર વિદ્યાર્થીઓને વધુ આગળ વધે તેવી શુભેચ્છાઓ પણ મહેમાનો દ્વારા આપવામાં આવી. સાથે સાથે વિદ્યાર્થીઓ, તેમના માતા-પિતા અને શિક્ષકોને પણ અભિનંદન અને શુભકામનાઓ પાઠવવામાં આવી.

આ સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન પાછળ સિંઘાનિયા પબ્લિક સ્કૂલના પ્રિન્સિપલ શ્રીમતી અંજુ શ્રીવાસ્તવ તથા તેમની સમગ્ર ટીમનો મહત્વનો ફાળો રહ્યો. તેમના માર્ગદર્શન હેઠળ આયોજિત આ વિજ્ઞાન અને ગણિત પ્રદર્શન સંપૂર્ણ રીતે સફળ રહ્યું. આ પ્રસંગે પ્રિન્સિપલ મેડમે તમામ મહેમાનો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).